

## આત્મન્ ફાઉન્ડેશન દ્વારા શ્રમિકોને સ્વેટર વિતરણ કરાયું

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ શિયાળાની ઋતુમાં શ્રમજીવીઓ, જરુરિયાતમંદ લોકોને સ્વેટર વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારની શ્રમજીવી વસાહતમાં સ્વેટરોનું વિતરણ નિયમિત રીતે કરવામાં આવે છે. આ વખતે આજ રોજ તા. ૨૯-૧૨-૧૨ એ સેકટર-૧૩, ગાંધીનગરની શ્રમજીવી વસાહતનાં ૧૦૦ ઉપરાંત બાળકો-વડીલોને શિયાળાની ઠંડીમાં સ્વેટરો અર્પણ કરી હૂંફ પુરી પાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ નિમિત્તે યોજાયેલા નાના કાર્યક્રમમાં સંસ્થાના સભ્યશ્રી જયશ્રીબેન ખેતિયાએ બાળકોને બાળવાર્તા, ગીતથી ખુશ કર્યા હતા. સંસ્થાના સહયોગી-સભ્યો સર્વશ્રી ભરત કવિ, પ્રજ્ઞા પટેલ, લીના મહેતા, જયશ્રી ખેતિયા, સવિતાબેન અને કપિલાબેન માછી વગેરેના હસ્તે બાળકોને સ્વેટરોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આજે વીરમાયા ટ્રસ્ટની સામાન્ય સભા અને સોવિનીયર વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

વીરમાયા ટ્રસ્ટ ખેરાલુનો ૨૦મા વર્ષમાં મંગલ પ્રવેશ થતાં ટ્રસ્ટે કરેલા કામોનો અહેવાલ સોવિનીયર સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે. જેનું વિમોચન અને ટ્રસ્ટની સામાન્ય સભા આજે તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ બપોરે ૧ કલાકે વણકર ભવન, ખેરાલુ બસ સ્ટેન્ડ સામે, ખેરાલુ ખાતે યોજાશે.

સંસ્થા તરફથી ખેરાલુમાં વણકર ભવનનું નિર્માણ થયેલું છે. સંસ્થા દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન દર વર્ષે યોજાય છે. સમાજમાં સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ આવે તેવી પ્રવૃત્તિઓ વીરમાયા ટ્રસ્ટ દ્વારા થઈ રહી છે જેનો અહેવાલ સોવિનીયર સ્વરૂપે બહાર પાડવામાં આવ્યો છે.

જેના વમોચન કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગરના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, સમારંભના ઉદ્‌ઘાટક તરીકે સ્થાનિક ધારાસભ્ય ભરતસિંહ ડાભી, સોવિનીયર વિમોચન માટે ધારાસભ્ય નારણભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે મોહનભાઈ દેસાઈ, અતિથિ વિશેષ તરીકે પી એ પરમાર, પૂર્વ નાયબ માહિતી અધિકારી તેમજ વિસનગર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગણપતભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સંસ્થાના આજીવન સભાસદો, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, ભવન બનાવવામાં નાણાકીય સહયોગી બનેલા દાતાઓ તથા સમાજના મોટી સંખ્યાના ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગરમાં વન તાલીમ અને સંશોધન સંકુલ દ્વારા સ્કાઉટ ગાઈડ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉડ ગાઈડ સંઘ દ્વારા તા. ૩ અને ૪ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ તાલીમ અને વન સંશોધન સંકુલ બોરીજ, અક્ષરધામ સામે ગાંધીનગર ખાતે સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલી યોજાશે.

વન્ય જીવ તાલીમ વિભાગ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ પરિવારના સંયુક્ત ઉપક્રમે યોજાનાર સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલીનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૩ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ બપોરે ૩ કલાકે આર બી ઝાલા, વન સંરક્ષકના વરદ્ હસ્તે યોજાશે. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે સ્ટેન્ડીંગ કમિટિ મનપાના ચેરમેન પ્રવીણભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના રાજ્યમંત્રી સવિતાબેન પુજારા અને અતિથિ વિશેષ તરીકે રાજ્ય કોષાધ્યક્ષ રસિકલાલ શાહ ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સાંજે ૫.૧૫ થી ૬.૩૦ કલાક દરમ્યાન ગાંધીનગરના મદદનીશ વન સંરક્ષક હેમંતભાઈ સુથાર વન્ય જીવ પરિચય કરાવશે. રાત્રે ૮ કલાકે કેમ્પ ફાયરમાં શૈલેષભાઈ પટેલ, બળદેવભાઈ ચૌધરી અને મનહરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. જયારે ૪થી જાન્યુઆરીએ સવારે ૭ કલાકે સર્વધર્મ પ્રાર્થના યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે રાજુભાઈ પટેલ હાજરરહેશે. તથા ધ્વજવંદન સવારે ૮ કલાકે ગાંધીનગર ડાયેટના અધ્યાપિકા દુર્ગાબેન રાઓલ કરાવશે. ટ્રેકીંગ અને વન ભ્રમણ સવારે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમ્યાન યોજાશે, જેનું પ્રસ્થાન જિલ્લા રમતગમત અધિકારી અશોકભાઈ રાવલ અને પ્રો એફ બી ચૌહાણ કરાવશે. આ ઉપરાંત બપોરે ૧૧થી ૧ કલાકે નેચર એજ્યુકેશન કાર્યક્રમ યોજાશે. બપોરે ૩ કલાકે અભિવાદન સમારોહના અધ્યક્ષ તરીકે કૃષ્ણકાન્ત જહા, વિશેષ મુખ્ય મહેમાન તરીકે ઘનશ્યામભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે વિપુલભાઈ પટેલ, વિનયગીરી ગોસાઈ અને અતિથિ વિશેષ તરીકે બહાદુરસિંહ સોલંકી ખાસ ઉપસ્થિત રહેશે. સમગ્ર રેલીનું સંચાલન ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ ભાવસાર કરશે.

# આજે ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ ગાંધીનગરના પ્રમુખ અમરીશભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિનું સ્નેહ મિલન આજે ૩૦મી ડિસેમ્બર ૨૦૧૨ને રવિવારે સવારે ૧૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

સમાજના સ્નેહ મિલન કાર્યક્રમમાં મંત્રીના સ્વાગત પ્રવચન બાદ કારોબારીની રચના કરવામાં આવશે. નવા સભ્યોનો પરિચય તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં જ્ઞાતિના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા ઉપપ્રમુખ મેહુલભાઈ ગદાણીએ ખાસ જણાવ્યું છે.

## આંતર રાજયની બસોનો લાભ ગાંધીનગરને આપો

ગાંધીનગર એસ.ટી.ડેપોમાં અન્ય રાજયોની રાજસ્થાન/મધ્યપ્રદેશ/મહારાષ્ટ્રની બસોનો લાભ નહિવત છે. આ રાજયોની બસો હાલમાં અમદાવાદમાં આવે છે. બસ રૂટો ગાંધીનગર લંબાવવાની જરૂર છે. પાટનગર આંતરરાજય બસોનો લાભ મેળવી શકે. હાલમાં ગાંધીનગર વાસીઓ અમદાવાદ જઈને બસની સગવડ મેળવે છે. ઈન્દોર-મુંબઈ-પુના, માલેગાંવ, શિરડી, ઉદેપુર, રાજસ્થાનની બસોનો લાભ ગાંધીનગરને આપવાની જરૂર છે.

## વિટકોસ બસના રૂટ પ્રજાપયોગી ગોઠવવાની જરૂર

ગાંધીનગર, તા. ૨૯

વિટકોસ બસનો લાભ પ્રજાને મળે તે પ્રમાણે રૂટો ગોઠવવાની માગણી કરવામાં આવી છે. ચાંદખેડાથી ચિલોડા, ચિલોડાથી ચાંદખેડા સીધી બસ સેવા શરૂ કરવાની જરૂર છે. પેથાપુરથી અડાલજ - તે રીતે શરૂ કરવાની જરૂર છે. જેથી મોટા ભાગનાં સેકટરોની પ્રજાને લાભ મળી શકે. ઘ-રોડ, ચ-રોડને સાંકળતા રૂટો બનાવવા જોઈએ.

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ બસ ત્રિદેવ મંદિર અડાલજને, કોબા ચાર રસ્તા સુધી ચાલે છે. તે રૂટોને અક્ષરધામ સુધી લંબાવવાની જરૂર છે. તો જનતાને બસોનો લાભ વધુ મળી શકે તેમ છે.

## આજે આનંદના ગરબા યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ભક્તિ અને શ્રદ્ધાના સમન્વય એવા આનંદના ગરબાનું આજે સેક્ટર-૭ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનાબેન ગોકલાણીના મધુર સ્વરે બપોરે ૧ થી ૪ દરમ્યાન પ્લોટ નં. ૨૮૨/૧, સેકટર-૭ એ, ગાંધીનગર ખાતે મનિષાબેન જીગરભાઈ વાડીઆના નિવાસ સ્થાને આ આનંદના ગરબા યોજાશે. આનંદના ગરબામાં સહભાગી બનવા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા ખાસ જણાવાયું છે.

## હવેલી પરગણા વણકર સમાજનો આજે સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગર શહેરના પ્રમુખ નટવરલાલ સોલંકી જણાવે છે કે, તા.૩૦મી ડિસેમ્બરના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે સાંજે ચાર વાગે સમાજનો ૧૨નો સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો પરિવાર સહિત હાજરી આપવા જણાવેલ છે.

# સે. ૩ના બંધ મકાનનું તાળું તોડી તસ્કરો રૂ. ૫૫ હજારની મત્તા ઉઠાવી ગયા

### અતિ સુરક્ષિત નવા સચિવાલયના નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટરમાંથી ૧૫૦ બેટરીઓની ચોરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના નવા સચિવાલય બ્લોક નં. ૧૩ના નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટરના સ્ટોર રૂમમાંથી ૧૦૦થી ૧૫૦ કન્ડમ બેટરીઓની ચોરી થઈ જવા પામી છે. તે ઉપરાંત સેક્ટર-૩ બીના એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂા. ૫૦ હજાર રોકડા તથા સોનાની દાગીની મળીને રૂા. ૫૫ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ બંને ગુના અંગે સે.૭ પોલીસે ફરિયાદ લઈ તપાસનો દોર શરૂ કર્યો છે.

મળતી માહિતી મુજબ અતિ સુરક્ષિત ગણાતા નવા સચિવાલયના બ્લૉક નં. ૧૩ (એનસીઆઈ) નેશનલ ઈન્ફર્મેટિક સેન્ટરમાંથી ૧૦૦થી ૧૫૦ નંગ બેટરીઓની ચોરી થઈ જવા પામી છે. ઓગષ્ટ માસમાં એનઆઈસીના સ્ટોર રૂમમાં કન્ડમ બનેલી બેટરીઓ મૂકવામાં આવી હતી જે સર્વર ચલાવવા માટે વપરાતી હતી. આ બેટરીઓ સ્ટોર રૂમમાંથી ગાયબ થઈ જવા પામી છે. હસમુખ શાહની ફરિયાદને આધારે રૂા. બે હજારની કિંમતની ચોરીનો ગુનો નોંધી પીએસઆઈ એ કે ભરવાડે તપાસ આરંભી છે.

તો બીજી તરફ સેક્ટર-૩ બી, પ્લોટ નં. ૨૧૩/૨ ખાતે રહેતા હિરેનભાઈ પરમાર પરિવાર સાથે નાતાલના દિવસે બહારગામ ગયા હતા અને આજે સવારે પરત ઘરે ફર્યા તો મકાનના દરવાજાનું તાળું તૂટેલું હતું. કોઈ ઘરફોડિયો તેમના મકાનમાંથી રૂા. ૫૦ હજારરોકડા તથા રૂા. પાંચ હજારની કિંમતની સોનાની બુટ્ટી મળીને રૂા. ૫૫ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. સેક્ટર-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી સેકન્ડ પી આઈ પી ટી બોદરે આ ગુનાની તપાસ શરૂ કરી છે.

# કલોલના હત્યા પ્રકરણમાં આરોપીને આજીવન કેદની સજા

### બહેનના પ્રેમલગ્ન કરાવી આપ્યા હોવાની શંકાને આધારે યુવાનને ચપ્પાના ઘા મારી દીધા હતા

ગાંધીનગર, તા.૨૯

બહેનના પ્રેમ લગ્ન કરાવી આપનાર યુવાનને કલોલનાં શખ્સે દોઢ વર્ષ અગાઉ કલોલ શહેરના ગલ્લા પાસે પેટમાં ચપ્પું ભોંકી દઈ હત્યા કરી નાંખી હતી. આ પ્રકરણમાં ફરિયાદી, ઈન્વેસ્ટીગેશન ઓફીસર તથા પંચોની જુબાનીને આધારે કલોલના એડીશનલ સેશન્સ જજે આરોપીને આજીવન કેદની સજા અને રૂ. ૫ હજારનો દંડ ફટકાર્યો છે.

કલોલ શહેરના મિનેશ જેઠાલાલ પરમારે પોતાની બહેનને પ્રેમલગ્ન કરાવી આપ્યા હોવાની શંકાને આધારે કલોલના આંબેડકરનગર વિસ્તારમાં રહેતા વિક્રમ કાળીદાસ સોલંકી નામના શખ્સે મિનેશની હત્યા કરી નાંખ્યાની ચકચારી ઘટના કલોલ ખાતે બનવા પામી હતી. ૨૮ જુલાઈ ૨૦૧૧ ના રોજ રાત્રીના સુમારે મિનેશ અંબિકા પાન પાર્લર પાસે ઉભો હતો તે દરમિયાન વિક્રમ ત્યાં પહોંચી ગયો હતો અને ઉશ્કેરાઈ જઈને ખિસ્સામાંથી ચપ્પુ કાઢી પેટના ભાગે અને હાથના ભાગે ઘા ઝીંકી દીધા હતા. જેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. ખુનના ગુના હેઠળ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. આ કેશ કલોલના એડીશનલ સેશન્સ જજ શ્રી એન.પી. પુરાણીની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ સુનિલ એસ. પંડયા તથા કલોલના એન.એમ. ભટ્ટે હાજર રહીને આરોપીને આજીવન કેદની સજા કરવા રજુઆત કરી હતી. જેને ધ્યાને લઈ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા તથા રૂ.૫ હજાર નો દંડ ફટકાર્યો છે.

# પત્નીને ભરણપોષણ ન ચુકવનાર પતિને ૯ મહિના કેદની સજા

### પરિણિતાને શરિરીક માનસિક ત્રાસ આપી ઘરેથી કાઢી મુકી હતી

ગાંધીનગર, તા.૨૯

પરિણિતાને ભરણપોષણની રકમ ન ચુકવનાર પતિને ગાંધીનગર કોર્ટે ૨૭૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય માહિતી અનુસાર ગાંધીનગરના ધોળાકુવા ગામમાં રહેતા ભાવનાબેન દશરથભાઈ દંતાણીના લગ્ન જ્ઞાતિના રિતી રિવાજ મુજબ વિસનગર ખાતે રહેતા અનિલ બાબુભાઈ મિસ્ત્રી સાથે થયા હતા તેમનું શરૂઆતનું લગ્નજીવન સારી રીતે વિત્યા બાદ પરિણિતાના સાસરીયાઓએ દહેજની માંગણી કરી તેણીને શારિરીક-માનસિક ત્રાસ આપવાનું શરુ કર્યું હતું. સાસરીયાઓએ તેણીને શારીરિક-માનસિક ત્રાસ આપી ઘરેથી કાઢી મુકી હતી. જયારે આ મામલે તેણીએ કોર્ટમાં ભરણપોષણ મેળવવા અરજ કરતા કોર્ટે પ્રતિમાસ રૂ.૧ હજાર ભરણપોષણની રકમ મંજુર કરી હતી પરંતુ તેણીના પતિ દ્વારા છેલ્લા ૧૮ માસની ભરણપોષણની રકમ ન ચુકવાતા પરિણિતાએ બાકીની રકમ મેળવવા કોર્ટ ફરિયાદ કરી હતી. આ કેસ ગાંધીનગરની સાતમા એડીશનલ ચીફ જયુ.મે.જી.ની કોર્ટમાં ચાલી જતા જજ હેતલબેન એસ. દવેએ આરોપીને તકસીરવાન ઠરાવી ૨૭૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.



(તસવીર : દિપક જાની)

દેશના સૌથી મોટો રમતોત્સવનું આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે તા. ૩૧મી ડિસેમ્બરે કરવામાં આવ્યું છે. તડામાર તૈયારીઓ થઈ ગઈ છે. પ્રચાર - પ્રસાર માટે ઘ-૪ પાસે ખેલ મહાકુંભનું મહાકાય હોર્ડીંગ્સ મુકાયું છે.

# ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં ગાંધીનગરની ટીમે ૧૮ મેડલ્સ મેળવ્યા

### ૮ ગોલ્ડ, ૮ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જિત્યા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ-૨૦૧૨નું તાજેતરમાં ક્રિભકો, સુરત ખાતે આયોજન થયું હતું. જેમાં ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ માસ્ટર એથ્લેટીક્સ એસોસિએશન ગાંધીનગરની ટીમના ખેલાડીઓએ ૮ ગોલ્ડ મેડલ, ૮ સિલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

ગુજરાત ડિસ્ટ્રીકટ માસ્ટર એથ્લેટીક્સ એસોસિએશન ગાંધીનગરના ખેલાડી એમ પી મહેતાએ ૫૫ વર્ષના વયજૂથમાં ૧૧૦ અને ૪૦૦ મીટર હર્ડલ્સમાં પ્રથમ ક્રમ અને ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.

એમ બી કટારાએ ૪૫ વર્ષના વયજૂથમાં લાંબી કૂદમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. હસમુખ પી પટેલે ૬૦ વર્ષના વયજૂથમાં જેવેલિયન થ્રો અને ગોળા ફેંક બંનેમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો તથા કે કે પટેલે ચક્ર ફેંકમાં દ્વિતીય અને હેમર થ્રોમાં તૃતિય નંબર મેળવ્યો હતો.

ગિરીશ કે ગઢવીએ ૮૦૦ મીટર દોડમાં તૃતિય, ભાવેશ એન એરડાએ ૧૫૦૦, ૪૦૦ અને ૧૦ મીટર દોડમાં ભાગ લીધો હતો.

ઈન્દુમતિ નિમાવતે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર મેળવ્યો હતો તથા ગોળા ફેંકમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. એમ બી ભાઈજીએ હેમર થ્રો અને ચક્ર ફેંકમાં પ્રથમ નંબર મેળવ્યો હતો તથા એસ એમ પાંડવે ગોળા ફેંકમાં પ્રથમ, ચક્ર ફેંક અને જેવેલિયન થ્રોમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો.

કે એમ મહેતાએ પાંચ કિમી વૉકમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો. આમ, ગાંધીનગર જિલ્લા માસ્ટર એથ્લેટિક્સ એસોસીએશનના ભાઈઓ અને બહેનોએ સમગ્ર ગુજરાત રાજ્ય માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ૮ ગોલ્ડ, ૮ સિલ્વર અને બે બ્રોન્ઝ મળીને કુલ ૧૮ મેડલ્સ મેળવ્યા હતા. વિજેતા ખેલાડીઓ આગામી રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે બેંગ્લોર જશે. ટીમના કોચ તરીકે કે કે પટેલે કામગીરી બજાવી હતી. સંસ્થાના પ્રમુખ દિનેશસિંહ ચાવડાએ સૌ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જેક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫
: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ મંડળ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- શ્રી હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૪.૦૦ કલાકે.

### ટાઉન હોલ

- પ્રજાપતિ સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.

### સામાજિક

- કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ તથા બાળકોને સરસ્વતી સન્માન કાર્યક્રમ સવારે ૮.૩૦ કલાકે, સેકટર-૨૩ ખાતે આવેલ બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ ખાતે યોજાશે.
- ઉત્તર ગુજરાત બહારગામ કડવા પાટીદાર અ'વાદ દ્વારા અદ્યતન સંકુલનું ઉદ્‌ઘાટન તથા સ્નેહમિલન સમારંભ સવારે ૯.૦૦ કલાકે, ડેન્ટર કોલેજ, ફાટક પાસે, ઉવારસદ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : લગ્ન સંબંધી ચર્ચા ચાલશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : શત્રુઓથી હાની થવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. પ્રિય વ્યક્તિથી ભેટ થશે. વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. મહેશભાઈ કનૈયાલાલ પટેલ (ઉ.વ. ૨૯) બ્લોક, ૧૪૩/૭, જ-ટાઈપ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. કિશનભાઈ નાથાજી વણઝારા(ઉ.વ. ૧૩) સેકટર-૨૦ના છાપરાં, ગાંધીનગર.
- સ્વ.હસુબેન અતુલભાઈ માલધારી(ઉ.વ. ૫૬) એ-૬૦ સીમંધર સીટી, મુ.પો. અડાલજ, તા.,જિ. ગાંધીનગર.